કતારગામના યાર્ન વેપારી સાથે રૂ. 1.17 કરોડની છેતરપિંડી

સુરતઃ ખટોદરા સબ જેલની પાછળ આવેલી યાન ટ્રેડિંગ ફર્મના માલિક પાસેથી ચાર વેપારીઓએ વિશ્વાસના આધારે કરોડો રૂપિયાનું માલ લઇ નાણાં ચુકવ્યા વગર છેતરપીંડી આચરતા કતારગામ પોલીસ મથકે ગુનો નોંધાયો છે. કતારગામ હાથી મંદિર રોડ પર આવેલી સર્જન સોસાયટીમાં રહેતા જીગ્નેશભાઈ મોહનભાઈ શેટા રિંગ રોડ પાસે યાર્નની ઓફિસ ધરાવે છે. જીગ્નેશભાઈએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓ સુનિતાબેન નીલેશકુમાર મોરડીયા, ભુમિબેન વિપુલભાઈ મોરડીયા, રાધીકાબેન જયેશભાઈ મોરડીયા તથા જયેશભાઈ બટુકભાઈ મોરડીયા ચારેય ઓલપાડમાં આવેલી માહી વેવ્સ પ્રા.લિ. નામની ફર્મના ડિરેક્ટર છે. 22 માર્ચ 2024 થી 28 સપ્ટેમ્બર 2024 દરમ્યાન ચારેય આરોપીઓએ જીગ્નેશભાઈ પાસેથી વારંવાર યાર્નનો માલ ખરીદ્યો હતો જેનું નિયમીત પેમેન્ટ કર્યું હતું. ત્યારબાદ રૂપિયા 1,17,46,121નું યાર્ન ખરીદી તેનું પેમેન્ટ નહીં ચૂકવતા જીગ્નેશભાઇ શેટાની ફરિયાદના આધારે પોલીસે ઠગાઇનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

લિંબાયતમાંથી બેભાન હાલતમાં મળેલા યુવાનનું મોત

સુરતઃ લિંબાયત ખાતે રહેતા યુવકનું બેભાન થઈ ગયા બાદ મોત નિપજ્યું હતું. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ઔરંગાબાદ ના વતની અને હાલમાં લિંબાયત વિસ્તારમાં આવેલી સુભાષ નગર સોસાયટીમાં રહેતા 21 વર્ષીય ચેતન ભાઈ સુરેશભાઈ પરદેશી ટ્રાવેલિંગમાં ક્લિનર તરીકે નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતા હતા. ચેતન ભાઈ શનિવારે સાંજના સમયે લિંબાયત વિસ્તારમાં આવેલ જવાહર નગર ઝૂંપડ પટ્ટી ની બાજુમાં આવેલ ખુલ્લા ગ્રાઉન્ડ માંથી બેભાન હાલતમાં મળી આવ્યા હતા. જેથી 108 એમ્બ્યુલન્સ ને જાણ કરતા તેઓ ઘટના સ્થળે પહોંચી ચેતન ભાઈ ને જોઈ તાપસી મૃત જાહેર કર્યા હતા. આ અંગે વધુ તપાસ લિંબાયત પોલીસ કરી રહી છે.

અડાજણમાં રહેતા મિત્રએ જ મિત્રની ટ્રક હડપ કરી લીધી

સુરતઃ મિત્રતાના નામે વિશ્વાસઘાત કરીને ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં જોડાયેલા એક વ્યક્તિએ તેના મિત્રનું હાઇવા ટ્રક હડપ કરી લેતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. ઉગત કેનાલ રોડની પ્રભુ દર્શન સોસાયટીમાં રહેતા 69 વર્ષીય જમુભાઈ નાથુભાઈ પટેલે 15 વર્ષ પહેલા ટાટા કંપનીનું હાઇવા ટ્રક (રજી. નં. GJ-05-AV-6444) રૂ. 4.42લાખ ડાઉન પેમેન્ટ અને બાકીના રૂ. 25.95લાખની લોનથી ખરીદ્યું હતું. આ લોનના હપતા તેઓ ભરી શકતા નહીં હોવાથી હાઇવા તેમણે હપતા ભર્યા બાદ પરત કરી દેવાની શરતે અડાજણના ક્રિષ્ણાપાર્કમાં રહેતા મિત્ર છોટુભાઈ સમુભાઈ પટેલને સોંપી દીધું હતું. જો કે ત્યારબાદ તેમણે ટ્રક પણ પરત કરી ન હતી અને ટેક્સના રૂપિયા 2.60 લાખ પણ ભર્યા ન હતાં. જેથી જમુભાઇએ તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

હજીરામાં પત્ની સાથે અણબનાવ થતા યુવકે ફાંસો ખાધો

સુરત : હજીરા ગામ ખાતે રહેતા યુવકે ઘરના પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના વતની અને હાલમાં હજીરાગામમાં મહેન્દ્રભાઈની કોલોની રહેતા 33 વર્ષીય બબલુ કુમાર દુધનાથ મહંતો ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમણે રવિવારે બપોરે ઘરના પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બબલુ કુમારનો પત્ની સાથે અણબનાવ બનતા આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. આ અંગે વધુ તપાસ હજીરા પોલીસ કરી રહી છે.

મજૂરીના દરમાં વધારો કરવાના પોસ્ટરો, બેનરોને લીધે

સાયણમાં વિવિંગ એકમો હજી બંધ

સુરત વિવર્સ એસો.નું પ્રતિનિધિ મંડળ ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રજૂઆત કરવા પહોંચ્યું.

ગૃહમંત્રી હર્ષ સંઘવી એ રેન્જ આઇજી.ને કારીગરોને સમજાવી સાયણમાં વિવિંગ એકમો ફરી શરૂ કરાવવા આદેશ આપતાં જિલ્લા પોલીસ દોડતી થઈ.

સુરતઃ દિવાળી વેકેશન લાભ પાંચમ પછી પૂરું થઈ ગયું હોવા છતાં સાયણમાં આવેલા વિવિંગ એકમો અજાણ્યા વ્યક્તિઓ દ્વારા મજૂરીના દરમાં વધારો કરવાના લગાડવામાં આવેલા પોસ્ટરો,બેનરોને લીધે ખુલી શક્યા નથી.કારીગરો ભયને લીધે કારખાને કામે નહીં આવતા સાયણમાં મોટાભાગના વિવિંગ એકમો હજી બંધ છે.આ મામલે ગઈકાલે સુરત વિવર્સ એસોસિએશનના પ્રમુખ વિજયભાઈ માંગુકિયાની આગેવાનીમાં સાયણના વિવર્સ આગેવાનોનું એક પ્રતિનિધિ મંડળ ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને કારખાના ફરી શરૂ કરાવવા રજૂઆત કરવા પહોંચ્યું હતું.વિવરોએ 48 કલાકમાં ઉધોગ ફરી ધમધમતો થાય અને સાનુકુળ વાતાવરણ બની રહે તેવા પોલીસને આદેશ આપવા વિનંતી કરી હતી.એ ઉપરાંત લુખ્ખાગીરી કરતા અને પોસ્ટરો લગાવતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીને આદેશ આપવા પણ વિજય માંગુકિયા અને મયુર ધોળીયા એ રજૂઆત કરી હતી.

એ પછી આજે સાયણ વિસ્તાર કાપડ વણાંટના કારખાના બંધ મુદ્દે સુરત જીલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા સાથે વિવર્સો સાથે બેઠક યોજી હતી.રેન્જ આઇ જી દ્વારા જીલ્લા પોલીસને દોડતી કરી કારખાના શરૂ કરવા માલિકો સાથે ગોલ્ડન ઈન્ડસ્ટ્રીઝ પીપોદરા વિસ્તારમાં મિટિંગ યોજી પોલીસ બંદોબસ્ત ગોઠવી ફેકટરીઓ શરૂ કરવા જણાવવામાં આવ્યું હતું. સાથે સાથે કારીગરોને પણ ભય વિના કામે ચઢવા સમજણ આપવામાં આવી હતી.રાજેશ ગઢીયા એ કામદારો અને કર્મચારીઓ વચ્ચે વયમનસ્ય વાતાવરણ ઊભું ન થાય તે વાત ધ્યાન રાખવા ખાતરી આપી હતી.

વિજય માંગુકિયાએ પોલીસ સાથેની બેઠકમાં પોસ્ટરો લગાવનારા અસામાજિક તત્વો અને લુખ્ખાઓની પાછળ મદદગારી કરનારાને કાયદાકીય જરૂરી પગલાં લેવા અને ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં નવું પોલીસ સ્ટેશન ઊભું કરી અને પોલીસ સ્ટાફ વધારવા રજૂઆત કરી હતી.આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા,પીઆઈ.આર.આર સરવૈયા,Sog પી.આઇ, પીએસઆઇ હાજર રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ગુજરાત વિદ્યાપીઠ સુરત શહેર અને જિલ્લામાં સ્વાવલંબન યાત્રા યોજશે

સુરતઃ ગુજરાત વિદ્યાપીઠની પરંપરા મુજબ દર વર્ષે જુદા જુદા વિષયોને લઈને ગ્રામજીવન યાત્રાનું આયોજન થતું હોય છે. આ વર્ષે 10 થી 15 નવેમ્બર દરમ્યાન સ્વદેશી, સ્વાવલંબન અને સરદાર વિષયને કેન્દ્રમાં રાખીને યાત્રા સમગ્ર ગુજરાતમાં યોજાશે. સુરત જિલ્લામાં સાત ટીમ છે. એમાંથી એક ટીમ સુરત શહેરમાં રોકાશે. ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક સંઘને પણ સો વર્ષ પૂર્ણ થાય છે. એ નિમિત્તે દરેક શહેર અને ગામના સ્નાતકોનો સંપર્ક કરીને સ્નાતક સંમેલન માટે આમંત્રણ આપશે. શાળામાં ૧૦ થી ૧૫ નવેમ્બર દરમ્યાન સ્વદેશી સ્વાવલંબન અને સરદાર વિશે વિદ્યાર્થીઓ સાથે વાતો કરશે. ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ હર્ષદભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્વાવલંબન યાત્રાનું આયોજન થયું છે. સુરત શહેરનું નેતૃત્વ ધ્વનિલ પારેખ સંભાળશે.

સંત ડોંગરેજી મહારાજ શાળામાં રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ્ ની 150 વર્ષમી ઉજવણી

સુરત : રાષ્ટ્રીય ગીત વંદેમાતરમ્ ની 150 વર્ષમી ઉજાણી નિમિત્તે નગર પ્રાથમિક પી.એમ. શ્રી સંત ડોંગરેજી મહારાજ પ્રા. શા. ક-114 મા સમુહ ગાન કરવામા આવ્યુ હતુ. જેમા વિદ્યાર્થીઓ હાથમા ત્રિરંગા સાથે 150 આકારમાં ગોઠવાયા ત્યારે રાષ્ટ્રભક્તિમય વાતાવરણ બની ગયુ હતુ.

હેડ કોન્સ્ટેબલનું બેભાન થઈ ગયા બાદ મોત

પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોકરી પરથી ઘરે જમવા આવ્યા હતા ત્યારે બેભાન થઇ ગયા

સુરત : પાંડેસરામાં પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા આધેડનું ઘરે છાતીમાં દુખાવો થાય બાદ બેભાન થઈ ગયા બાદ મોત નીપજ્યું હતું. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્ર જલગાવના વતની અને હાલમાં પાંડેસરા પિયુષ પોઈન્ટ નજીક આવેલ સાઈબાબા સોસાયટીમાં રહેતા 53 વર્ષીય વિજયભાઈ દલપતભાઈ વાણી પાંડેસરા પોલીસ સ્ટેશનમાં છેલ્લા 3 વર્ષથી હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેઓ હાલમાં પાંડેસરા પોલીસ સ્ટેશનમાં સમન્સ વોરંટની બજવણી કરતા હતા. રવિવારે સવારે નિત્યક્રમ મુજબ વિજયભાઈ પોલીસ સ્ટેશન નોકરી પર હાજર થયા હતા. બાદમાં બપોરના સમયે તેઓ ઘરે જમવા માટે આવ્યા હતા. દરમિયાન ઘરે જમ્યા બાદ તેઓને છાતીમાં અને પેટમાં એકાએક દુખાવો ઉપડ્યા બાદ તે બેભાન થઈ ગયા હતા. જેથી તેમને 108 માં સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે વિજયભાઈને મૃત જાહેર કર્યા હતા. વિજયભાઈનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાની શક્યતા છે. સોમવારે સવારે વિજયભાઈને નવી સિવિલ હોસ્પિટલ ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

દેશની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીનો સુરતથી પ્રારંભ

સિટી સરવે વોર્ડ નંબર 2 ને પાયલોટ વિસ્તાર તરીકે પસંદ કરાયો છે

આજે પ્રિ-ટેસ્ટનું ડિજિટલ લોન્ચિંગ કરવામાં આવશે

સુરતઃ દેશમાં પ્રથમ વખત ડિજિટલ વસ્તી ગણતરી પ્રક્રિયાની શરૂઆત સુરત શહેરથી થઈરહી છે. આવતીકાલે સોમવારે સવારે 11:15 વાગ્યે ડિજિટલ વસ્તી ગણતરી પ્રિ-ટેસ્ટ 2027 નું ડિજિટલ લોન્ચિંગ કાર્યક્રમ યોજાશે, જેને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઓનલાઈન જોડાઈને લોન્ચ કરશે. ભારત સરકારે અત્યાર સુધી પરંપરાગત પદ્ધતિથી થતી વસ્તી ગણતરીમાં આ પહેલીવાર ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવાની જાહેરાત કરી છે. ડિજિટલ વસ્તી ગણતરી માટે દેશભરમાં પ્રિ-ટેસ્ટ માટે માત્ર ત્રણ વિસ્તારોની પસંદગી કરવામાં આવી છે, જેમાં સુરત શહેરનો સમાવેશ એકમાત્ર શહેરી વિસ્તાર તરીકે થયો છે. સુરત સિવાય દેવગઢ બારિયાના 26 ગામો અને મોરબીના ટંકારાના 25 ગામોની પસંદગી કરવામાં આવી છે.

સુરતમાં સ્લમ એરિયાવાળા સિટી સરવે વોર્ડ નંબર 2 ને પાયલોટ વિસ્તાર તરીકે પસંદ કરાયો છે. અહીં આવતી દરેક મિલ્કતનું ડિજિટલ મેપિંગ કરવામાં આવશે. આ કામગીરી માટે સેન્ટ્રલ ચાર્જ ઓફિસર, સુપરવાઈઝર અને ગણતરીદારો સુધીની ટીમને જવાબદારી સોંપવામાં આવી છે. મનપાના સેન્સસ વિભાગના કુલ 170 કર્મચારીઓ પ્રિ-ટેસ્ટમાં સામેલ કરવામાં આવ્યા છે. આ બધાને છેલ્લા ત્રણ દિવસથી અડાજણ દિવાળીબાગ વિસ્તારની શાળામાં તાલીમ આપવામાં આવી હતી. તાલીમ બાદ તમામ કર્મચારીઓના મોબાઇલમાં ડિજિટલ વસ્તી ગણતરી માટે જરૂરી સોફ્ટવેર પણ અપલોડ કરી આપવામાં આવ્યું છે. ડિજિટલ વસ્તી ગણતરીની પ્રક્રિયામાં કર્મચારીઓ ક્ષેત્રમાં જઈને મોબાઈલ દ્વારા હાઉસ મેપિંગ કરશે. દરેક ઘર વિશે વ્યક્તિઓની સંખ્યા, મકાનનો પ્રકાર, તેમાં ઉપલબ્ધ સુવિધાઓ જેમ કે પાણી, વોશરૂમ, લાઈટિંગ અને અન્ય માહિતી ડિજિટલ રીતે સંગ્રહિત થશે. ઘરોનું મેપિંગ, સુવિધાઓની વિગતો તથા મકાનની ગણતરી જેવા તમામ ડેટા મોબાઈલ એપ પર જ કરાશે. આ સંપૂર્ણ કામગીરી 30 નવેમ્બર સુધી પૂર્ણ કરવાની રહેશે. પાયલોટ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ દેશવ્યાપી ડિજિટલ વસ્તી ગણતરીની શરૂઆત માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન અને અનુભવો સુરતમાંથી મળશે.

સોસાયટીના મેઈન્ટેનન્સના રૂપિયા લઈને કર્મચારી ફરાર

પોલીસે ગુનો નોંધી આરોપીના મોબાઇલ અને વતનના સરનામાના આધારે શોધખોળ શરૂ કરી

સુરત : અલથાણની પોદાર રેસીડન્સી સોસાયટીમાં મેઇન્ટેનન્સ અને સુપરવિઝનની નોકરી કરતા કર્મચારીએ સોસાયટીના સભ્યો પાસેથી એકત્રિત કરેલા મેઇન્ટેનન્સના રૂપિયા 1,73,500 લઈને ફરાર થઈ જવાની ઘટના સામે આવી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ સોસાયટીના એક સભ્ય અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શૈલેષ સત્યનારાયણ ખેમકાએ અલથાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું છે કે, આરોપી હરીઓમ યાદવ (રહે. મધ્યપ્રદેશ) છેલ્લા પાંચ-છ વર્ષથી પોદાર રેસીડન્સીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો. અઢી મહિના પહેલાં તે નોકરી છોડીને વતન જતા રહ્યો હતો. દસેક દિવસ પહેલાં તે પરત આવ્યો ત્યારે સોસાયટીએ તેને માસિક રૂપિયા 15,000ના પગારે મેઈન્ટેનન્સ અને સુપરવિઝનની નોકરી પર રાખ્યો હતો. તે સોસાયટીના સિક્યુરિટી રૂમમાં જ રહેતો હતો અને સભ્યો પાસેથી મેઈન્ટેનન્સના પૈસા એકત્રિત કરવાનું કામ તેના હાથમાં હતું. ગત તા. 3 નવેમ્બરે તેણે એકત્રિત કરેલા પૈસા સોસાયટીના બેંક એકાઉન્ટમાં જમા કરાવ્યા હતા. પરંતુ તા. 4 અને 5 નવેમ્બરે એકત્રિત થયેલા પૈસા તેની પાસે જ હતા. તા. 6 નવેમ્બરે સવારે તે સોસાયટીમાંથી ગાયબ થયો હતો. તપાસ કરતાં સીસીટીવી ફૂટેજમાં જાણવા મળ્યું કે તા. 5 નવેમ્બરે રાત્રે આશરે 9 વાગ્યે તે સોસાયટીની ઓફિસમાંથી પૈસા લઈને ફરાર થઈ ગયો હતો. સોસાયટીના સભ્યોએ તેની તપાસ કરી પરંતુ તે મળી આવ્યો ન હતો. આ મામલે અલથાણ પોલીસે હરીઓમ યાદવ વિરુદ્ધ ગુનો નોંધી આરોપીના મોબાઈલ અને વતનના સરનામાના આધારે તેની શોધખોળ કરવામાં આવી રહી છે.

ગોરાટ રોડનાં ઝૈનબ રો હાઉસમાં આગમાં ઘરવખરી બળીને ખાખ

પરિવાર બહાર ગયો હોવાથી બંગલો બંધ હતો

સુરતઃ શહેરનાં રાંદેર ગોરાટ રોડ વિસ્તારનાં ઋષભ ચાર રસ્તા સ્થિત ઝૈનબ બંગ્લોમાં રોડ બંગલામાં પહેલાં માળે બેડરૂમાં શનિવારે મોડી રાત્રે આગ ભભૂકી ઉઠી હતી. સદનસીબે બંગ્લામાં રહેતો પરિવાર બહાર ગયો હોવાથી કોઈને ઈજા કે જાનહાનિ પહોંચી ન હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાંદેર-ગોરાટ રોડ પર દિવાળીબાગ પાછળ આવેલ જૈનબ બંગલામાં રહેતાં યુનિસભાઈના મકાનના બીજા માળે આવેલા બેડરૂમમાં શનિવારે મોડી રાત્રે આગ ફાટી નીકળી હતી. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું.

ઘટનાની જાણ થતાં ચાર જેટલાં ફાયર સ્ટેશનોમાથી 9 ફાયર ફાઈટરોની ટીમ ઘટના સ્થળે પહોચી હતી.ફાયર સબ ઓફિસર સંપત સુથારનાં જણાવ્યાં મુજબ સતત પાણીનો મારો ચલાવતા અંદાજે અડધા કલાકેની અંદર જ આગ પર સંપૂર્ણપણે કાબૂ મેળવી લીધો હતો. આગની વપેટમાં પંખા, ફર્નિચર અને અન્ય ઘરવખરી આવી જતાં તે બળીને ખાખ થઈ ગયો હતો. આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનુ ફાયર સુત્રોએ જણાવ્યું હતુ.

અડાજણની ગણેશ સોસાયટી વહેલી સવારે આગ ફાટી નિકળી

અડાજણની ગણેશ સોસાયટીનાં એક મકાનમાં રવીવારે વહેલી સવારે 6:25 કલાકે આગ લાગી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો હતો.મકાનનાં દેવસ્થાનમાં શોર્ટ સર્કિટ થવાનાં કારણે આગ ફાટી નિકળી હતી. દરમિયાન મકાનમાં રહેતા પરિવારનાં સભ્યો જાગી ગયા હતાં અને બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરી હતી તેથી અડાજણ અને મોરાભાગળનો કાફલો સ્થળ ઉપર ધસી ગયો હતો. ફાયર સબ ઓફિસર ગિરિશ સેલરનાં જણાવ્યા મુજબ આગ લાગવાને કારણે મકાનનાં પીઓપીને નુકશાન થયું હતુ.

રેલવે સ્ટેશન પાસે બે ગેસ્ટહાઉસમાં દેહવેપાર

AHTUએ પારસ અને વિજય ગેસ્ટ હાઉસમાંથી બે બાંગ્લાદેશી સહિત પાંચ મહિલાઓ મુક્ત કરાવી પાંચ આરોપીને ઝડપી લીધા

સુરત : શહેરના રેલવે સ્ટેશન નજીક આવેલા બે ગેસ્ટ હાઉસમાં ચાલી રહેલા દેહવ્યાપારના ગેરકાયદેસર ધંધા પર એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU) અને મહિધરપુરા પોલીસે સંયુક્ત રીતે દરોડા પાડી ચકચાર મચાવી હતી. આ કાર્યવાહી દરમિયાન બે બાંગ્લાદેશી તથા ત્રણ પશ્ચિમ બંગાળની મહિલાઓને દેહવ્યાપારના જાળમાંથી મુક્ત કરાવવામાં આવી હતી. સાથે જ બે ગેસ્ટ હાઉસના સંચાલકો અને ત્રણ ગ્રાહકોને પોલીસએ ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય ત્રણ ઈસમો ફરાર થયા છે.

એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટને ગુપ્ત બાતમી મળી હતી કે સુરત સેન્ટ્રલ રેલવે સ્ટેશન નજીક આવેલા પારસ ગેસ્ટ હાઉસ અને વિજય ગેસ્ટ હાઉસમાં વિદેશી મહિલાઓને રાખીને દેહવ્યાપારનો ધંધો ચલાવવામાં આવી રહ્યો છે. જેથી પોલીસે ત્યાં દરોડો પાડી પારસ ગેસ્ટ હાઉસમાંથી સંચાલક નરેશ અમાલાભાઈ ગામીત અને એક મદદગારને રંગેહાથ પકડી પાડ્યા હતા, જ્યારે વિજય ગેસ્ટ હાઉસનો સંચાલક નાસી છૂટ્યો હતો.દરોડા દરમિયાન પોલીસને સ્થળ પરથી ત્રણ ગ્રાહકો પણ મળી આવ્યા હતા, જેઓ દેહવ્યાપાર માટે હાજર હતા. કુલ પાંચેય મહિલાઓને કાઉન્સેલિંગ માટે મોકલી આપવામાં આવી છે. પોલીસે સ્થળ પરથી રૂ. 50,500નો મુદ્દામાલ કબજે કર્યો છે જેમાં છ મોબાઈલ ફોન, રોકડ રૂ. 10,500, પોસ્ટર, હોટલ રજિસ્ટર તેમજ Paytm અને PhonePeના QR કોડ મળી આવ્યા હતા. પોલીસે ફરાર વિજય ગેસ્ટ હાઉસના સંચાલક સહિત અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા છે.

તમારુ નામ લખીને દવા પી આત્મહત્યા કરી લઈશ

1.14 કરોડના હીરા ખરીદ્યા બાદ નાણા ચૂકવવાને બદલે ધમકી આપતા ચીટરો

સુરતઃ વરાછા ના હીરા વેપારી સાથે 1.14 કરોડની ઠગાઇ થતાં મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

મૂળ ભાવનગરના અને હાલ વરાછા રોડ ખાતે આવેલી વલ્લભનગર સોસાયટી રહેતા હીરા વેપારી દિનેશભાઈ લલ્લુભાઈ જાસોલીયાએ બે વેપારીઓ સામે 1.14,44,903 કરોડની છેતરપિંડી તથા ધમકી આપવાની ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદ મુજબ આરોપી પ્રદીપસિંહ રામધનીસિંહ (રહે, છઠ્ઠો માળ, ફીનિક્સ એપાર્ટમેન્ટ, રાજહંસ સિનેમાની સામે, વેસુ) અને ધ્વનીલ અનીલ ભાવસાર (રહે,વ્રજ વિનાયક, વેસ્ટર્ન સિટી રોડ, પાલ) સાથે તેઓ હીરાનો વેપાર કરતાં હતાં. તારખી 11/09/2020 થી તા. 15/09/2022 દરમ્યાન બંનેએ વરાછા મીનીબજાર નજીક રાજહંસ હાઈટ્સ સ્થિત શ્રી લીલા જેમ્સમાંથી તેમની પાસેથી હીરા ખરીદ્યા હતાં. દરમિયાન ધ્વનીલભાઈના પિતાનું અવસાન થઇ જતાં દિનેશભાઈએ ઉઘરાણી કરવાનું ટાળ્યું હતું. જો કે, તેમણે ત્યારબાદ નાણાની ઉઘરાણી કરતાં પ્રદિપસિંહે દિનેશભાઈને ધમકી આપી કે "તમારું નામ લખીને દવા પી જઈશ" એવી ધમકી આપી હતી. આ રીતે કુલ રૂ. 1,14,44,903/-ની રકમ ન ચૂકવી દિનેશભાઈ સાથે છેતરપિંડી આચરાઈ છે.

સ્થાનિકો દ્વારા છેલ્લા 5 વર્ષથી ફરિયાદ છતા તંત્ર ઘોર નિંદ્રામાં

ઉન લેક ગાર્ડન બિસ્માર , કરોડો પાણીમાં

ગાર્ડન વિભાગની ઉદાસીનતાના કારણે અનેક લેક ગાર્ડનમાં સૂકાઈ ગયેલા મુખ્ય તળાવ

અનેકમાં ભરાયેલું ગંદું પાણી, તળાવોમાં ઘાસ અને જંગલી વનસ્પતિ ઊગી નીકળ્યા

ઉનના લેક ગાર્ડનની બેન્ચના પતરા તૂટી ગયેલા, બ્લોક તૂટેલા હોવાથી નાગરિકોને ચાલવામાં મુશ્કેલી

સુરત : શહેરના વિવિધ વિસ્તારોમાં લાખો-કરોડોના બજેટથી બનાવાયેલા ગાર્ડન અને લેક ગાર્ડન હાલ માવજતના અભાવે બિસ્માર સ્થિતિમાં જોવા મળી રહ્યા છે.

સુરત મહાનગરપાલિકાના ગાર્ડન વિભાગની ઉદાસીનતા અને લાંબા સમયથી ચાલતી જાળવણીની ખામીના કારણે અનેક લેક ગાર્ડનમાં મુખ્ય તળાવ સૂકાઈ ગયેલા છે, તો અનેકમાં ગંદું પાણી ભરાઈ રહ્યું છે. કેટલાક તળાવોમાં તો ઘાસ અને જંગલી વનસ્પતિ ઊગી નીકળતાં હવે તે લેક ગાર્ડન નામ પૂરતા જ બચ્યા છે. શહેરનો આવો જ એક ઉન લેક ગાર્ડન જાળવણીના અભાવે જર્જરિત હાલતમાં છે જે અંગે સ્થાનિકો દ્વારા છેલ્લા 5 વર્ષથી ફરિયાદ કરી રહ્યા છે પરંતુ તંત્ર ઘોર નિંદ્રામાં છે.

શહેરમાં હાલમાં કુલ 245 ગાર્ડન છે, જેમાં 130 સામાન્ય ગાર્ડન, 29 લેક ગાર્ડન અને 78 જેટલા શાંતિકુંજનો સમાવેશ થાય છે. જોકે, મોટાભાગના લેક ગાર્ડન નિયમિત જાળવણીના અભાવે બગડેલી હાલતમાં દેખાઈ રહ્યા છે.

સુરતના ઉન વિસ્તારમાં આવેલું ઉન લેક ગાર્ડન પણ છેલ્લા કેટલાક વર્ષથી નર્કાગાર જેવી સ્થિતિમાં છે. ગાર્ડનનાં બેન્ચના પતરા તૂટી ગયેલા છે. પીવાના પાણીની પરબમાં લીલ જામેલી છે.

ટોયલેટ બ્લોક સંપૂર્ણ જર્જરિત હાલતમાં છે. ગાર્ડનમાં લગાવાયેલા બ્લોકો તૂટેલા હોવાથી નાગરિકોને ચાલવામાં મુશ્કેલી પડે છે. સ્થાનિકો છેલ્લા પાંચ વર્ષથી સતત મહાનગરપાલિકામાં ફરિયાદ કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ સુધારો થયો નથી.

સ્થાનિકોમાં મનપાની ઉદાસીનતા સામે ભારે રોષ છે. નાગરિકોનું કહેવું છે કે કરોડો રૂપિયામાં ગાર્ડન બનાવ્યા બાદ જો તેની સમયસર માવજત ન થાય તો આવા પ્રોજેક્ટનો હેતુ બગડે છે. બાળકો અને વૃદ્ધો જો આવા ગાર્ડનમાં જાય અને કોઈ અકસ્માત સર્જાય, તો તેની જવાબદારી કોણ લેશે? ગાર્ડનની અંદર રહેલી સુવિધાઓ, જે શહેરની સુંદરતા વધારવા માટે બનાવવામાં આવી હતી, તે હવે મુરઝાઈ ગઈ છે.

સ્વચ્છતા માત્ર નામની : ટોયલેટ બ્લોકમાં ઘુસવું પણ ગમે નહીં તેવી હાલત

સમગ્ર દેશમાં સ્વચ્છતામાં પ્રથમ ક્રમ હાંસલ કરી લીધા બાદ સુરત શહેર સ્વચ્છતા સુપર લીગમાં આવી ગયું છે પરંતુ ગાર્ડન જેવી જગ્યા કે જ્યાં લોકો સવારે અને સાંજે શુધ્ધ હવા લેવા જાય છે. તેવા ગાર્ડનોની ગંદકી જોઈને વોમિટ આવી જાય તેવી સ્થિતિ છે. ઉન લેક ગાર્ડનમાં ટોયલેટ બ્લોકમાં પારાવાર ગંદકી અને દુર્ગંધના કારણે લોકોને મોઢા પર રૂમાલ મુકવાનો વારો આવ્યો છે. પીવાના પાણીની પરબમાં લીલ તો એવી જામી છે કે, પાણી પીવું તો દુર, મોઢું ધોવાનું પણ કોઈ પસંદ કરે નહીં.

ગાર્ડનની પ્રોટેક્શન વોલ તુટી ગઈ છે

ઉન લેક ગાર્ડનની ફરતે બનાવવામાં આવેલી પ્રોટેક્શન વોક જર્જરિત હાલતમાં છે અને તુટી ગઈ છે. જો બાળકો અહીં રમતા હોય અને કોઈ ઘટના બને તો કોણ જવાબદારી લેશે? મનપાની ઉદાસીનતાના કારણે સ્થાનિકોમાં ભારે રોષ છે. છેલ્લા 5 વર્ષથી ફરિયાદ કરવા છતાં તંત્રના પેટનું પાણી હલી રહ્યું નથી.